જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૧/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૯૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૨૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૭ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૮૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૯૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૯૭/૨૦૨૫**

ખોખરાઃ ખોખરા વિસ્તારમાં રહેતી યુવતી એ તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૪ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૬૨૮૯૧૦૭૦૯૨ ના ધારકે યુવતીને ફોન કરી એસ.બી.આઇ.બેંકમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ક્રેડીટ કાર્ડના કે.વાય.સી.માટે વેરીફિકેશન કરવાનું જણાવી લીંક મોકલી મોકલી જેમાં વિગત ભરાવી વિશ્વાસમા લઈ યુવતીના એસબીઆઈના ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૩૦,૦૦૦/– તથા એચડીએફસી બેન્કના ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૪૬,૩૧૪/– ટ્રાન્સફર કરી લઈ તેમજ એસબીઆઈ બેન્કના ખાતામાં એફ.ડી.માંથી ઓવર ડ્રાફ્ટ કરીને રૂપિયા ૫૦,૦૦૦/– લોન કરાવી લઈ કુલ રૂપિયા ૧,૨૬,૩૧૪/– ઓનલાઇન મેળવી લઈ યુવતી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.સાવલીયા ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૫૯૮/૨૦૨૫**

રાણીપઃ કૈલાશબહેન નટવરભાઇ સુથાર (ઉ.વ.૪૯)(રહે.આનંદનગર સોસાયટી, ગીતા સ્કુલ સામે, રાણીપ) તા.૧૧/૧૧/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે રાણીપ અંબિકા કૃપા સોસાયટી પાસે નવરચના સ્કુલ ચાર રસ્તા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કૈલાશબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૈલાશબહેન સુથાર એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૯૯/૨૦૨૫**

રાણીપઃ સમીરકુમાર પ્રભુભાઈ સોલંકી (ઉ.વ.૪૨)(રહે. ધનલક્ષ્મી સોસાયટી, બલોલનગર ચાર રસ્તા પાસે, રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૫ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઇ.શ્રી ટીંકલબેન સુરેશભાઇ ચલાવે છે.

ઓઢવઃ અનીલભાઈ બાબાદીન સરોજ (ઉ.વ.૩૦)(રહે.ભગવતીનગર વિભાગ–૦૩ પશુપતિનાથ મંદિરની બાજુમાં સીંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૫ બપોરના ૧/૫૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક મકાનમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી